# શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓની પદાધિકારીઓને વર્તન સુધારવા ટકોર

**ચૂંટાયેલા નગરસેવકોના વાણી-વર્તનથી નારાજ નગરના પ્રબુદ્ધ નાગરિકોનું અલ્ટીમેટમ હોદ્દેદારો અને કર્મચારીઓને પ્રજાના પ્રશ્નો પર ધ્યાન આપવા શીખ : વહીવટમાં સુધારો નહી જણાય તો મનપાને સુપરસીડ કરી વહીવટદાર નીમવા માંગણીનું બ્રહ્માસ્ત્ર ઉગામાશે**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકામાં ચૂંટાયેલા હોદ્દેદારો દ્વારા તમામ મર્યાદાઓ નેવે મુકી મહિલા કર્મચારીની ઉપસ્થિતિમાં અન્ય કર્મચારી સાથે કરાયેલા અત્યંત બેહુદા વર્તનથી શહેરના સમાજજીવન પર ઘેરા પ્રત્યાઘાતો પડ્યાં છે. આ કારણે શહેરના પ્રબુદ્ધ અગ્રણી નાગરિકોએ વેદના વ્યક્ત કરવા સાથે આગામી સમયમાં જો મહાનગર પાલિકાના હોદ્દેદારો તેમનુ વર્તન સુધારી નગરજનોના પ્રશ્નો પરત્વે ધ્યાન નહી આપે તો મહાનગરપાલિકાને સુપરસીડ કરી વહીવટદાર નીમવાની માંગણી કરવાનું બ્રહ્માશાસ્ત્ર ઉગામવાની ચિમકી ઉચ્ચારી છે.

જયારથી ગાંધીનગરમાં મહાનગરપાલિકાની રચના થઈ છે ત્યારથી તેને પક્ષપલટાનુ દૂષણ લાગુ પડેલુ છે. તથા દિલ્હી-ચંદીગઢના ધોરણે ગાંધીનગર મનપા દ્વારા લઘુત્તમ કરમાળખુ રાખશે તેવી આશાઓ પણ ફળીભૂત થવા પામી નથી. ગાંધીજીના નામ પરથી રચાયેલા આ ગાંધીનગરની મહાનગરપાલિકાને માત્ર સફાઈ સિવાય અન્ય કામ સરકાર દ્વારા સોંપવામાં આવ્યુ નથી છતાં તે બાબતે પણ નાગરિકોને સંતોષ આપવામાં મનપા નિષ્ફળ નિવડી છે આ સંજોગોમાં પણ મનપાના ચુંટાયેલા હોદ્દેદારો અને વહીવટી મહેકમ વચ્ચે સંકલનના બદલે અહમના ટકરાવ અને ઝગડા, ગેરશિસ્તના બનાવો સામે આવતા હોય ત્યારે શહેરના નાગરિકો દુઃખ અનુભવે તે સ્વાભાવિક છે. આ દુઃખ સાથે શહેરના કેટલાક અગ્રણી નાગરિકો, બીન રાજકીય સ્વૈચ્છિક સેવા સંસ્થાઓમાં પ્રતિનિધિઓની એક સંયુક્ત બેઠક શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચના અધ્યક્ષપદે મળી હતી. આ બેઠકમાં શહેરના પ્રબુદ્ધ નાગરિકોએ મનપાના વહીવટમાં ત્વરિત સુધારો નહી આવે તો મનપાને સુપરસીડ કરી વહીવટદાર નીમવાની માંગણી કરકવાનુ બ્રહ્માસ્ત્ર ઉગામવાની ચિમકી ઉચ્ચારી હતી. આ બેઠકમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ સહિત પ્રો. રવીન્દ્રભાઈ દવે, જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ જ્યોતીન્દ્ર દવે, સિનિયર સિટિઝન કાઉન્સિલના પ્રમુખ હસમુખભાઈ શાહ, જાગૃત નાગરિક પરિષદના કાર્યવાહક પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી, જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ચેતનાબેન બૂચ સહિત શહેરની જાહેર બીન રાજકીય સેવા સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં મનપાની વિવિધ બેઠકો સમયે નગરસેવકોનુ વર્તન, ભાષા પ્રયોગ, બીન લોકશાહી વ્યવહાર અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ચર્ચામાં નગરપાલિકામાં ચુંટાયેલા હોદ્દદાર અને કર્મચારીઓ વચ્ચેના તાજેતરના વિવાદો અંગે સખત ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. પાટનગરમાં મહાનગરપાલિકાની સ્થાપના સમયે ઉંચી પ્રણાલીઓ અને પાટનગરને શોભે તેવો આદર્શ વહીવટ પૂરો પાડવાની નગરજનોને આશા બંધાઈ હતી પરંતુ તે ઠગારી નિવડી છે. જયારે બીજી તરફ ચુંટાયેલા હોદ્દેદારો અને વહીવટી મહેકમ વચ્ચે સંકલનના બદલે અહમના ટકરાવ, ઝઘડા અને ગેરશિસ્તના બનાવો વધી રહ્યાં છે. આ સંજોગોમાં શહેરના વરિષ્ઠ નાગરિકો દ્વારા નગરસેવકો અને મનપાના મહેકમને લોકસાહીના સિદ્ધાંતોને વળગી રહીને પરસ્પર આદરભાવ કેળવી આદર્શ વહીવટ આપવા અપીલ કરવામાં આવી છે. ગાંધીજીને નામ સાથે જોડાયેલા આ નગરને શાંતિપૂર્ણ, સમયબદ્ધ, ભ્રષ્ટાચારમુક્ત, લોકકેન્દ્રિત સ્થાનિક સ્વરાજના વહીવટની અપેક્ષાપૂર્ણ કરવા અપીલ કરવામાં આવી છે.



અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળ્યા હતા ત્યારે આ વર્ષે પેથાપુર ખાતે પણ રામજી મંદિરથી પરંપરાગત રીતે રથયાત્રા નીકળી હતી. આ રથયાત્રાએ ૧૫ કીમી નગરમાં પરિક્રમણ કર્યુ હતું અને જય રણછોડના નાદથી શેરીઓ ગુંજી ઉઠી હતી. આ રથયાત્રામાં પેથાપુરના અગ્રણીઓ અને નગરજનો હર્ષોલ્લાસ પૂર્વક મોટી સંખ્યામાં જોડાયા હતા. ગામમાં ઠેર ઠેર રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ભકતોને મગ, કાકડી તથા જાંબુનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. ડીજે અને બેન્ડવાજાના સંગીતના સથવારે નીકળેલી રથયાત્રા નીજમંદિરે પરત ફરી હતી.

## વાવોલની ડિફેન્સ કોલોનીમાં તસ્કરો હાથફેરો કરી પલાયન

વાવોલની જલદર્શન સોસાયટીના બે મકાનોમાંથી અષાઢી બીજની પૂર્વરાત્રે ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. ત્યારે વાવોલની જ ડિફેન્સ કોલોનીમાં રહેતા પ્રોફેસરના ઘરમાંથી ચોરી થયાનું સામે આવ્યું છે. સુત્રોના જણાવ્યા અનુસાર ડિફેન્સ કોલોનીમાં રહેતા અને અમદાવાદની એક કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા મનીષભાઈ સુભાષચંદ્ર સિંગ પોતાના ઘરે તાળુ મારીને પરિવાર સાથે શિરડી ફરવા ગયા હતા. તે દરમિયાન ત્રાટકેલા તસ્કરોએ તેમના મકાનના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી ઘરમાં રહેલી તિજોરીમાંથી સામાન વેર-વિખેર કરીને ઘરમાંથી રૂ. ૧,૦૫,૦૦૦ના સોના-ચાંદીના દાગીના ચોરી ગયા હતા.

રવિવારે બનાવની જાણ પાડોશીને થતા તેઓએ મકાન માલિક મનિષભાઈને જાણ કરી હતી. બનાવની જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પરંતુ મનિષભાઈ ગાંધીનગર આવે ત્યાં સુધી ફરીયાદ લેવાની રાહ જોવી પડે તેમ હોવાથી સોમવારે બપોરે મનિષભાઈ ગાંધીનગર આવ્યા બાદ સેકટર-૭ પોલીસે તેમની ફરીયાદ લઈ તસ્કરોને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે પોલીસ વીઆઈપી કાર્યક્રમોમાં સતત બંદોબસ્તમાં વ્યસ્ત રહે છે. જેને પગલે ચોર ઈસમોને મોકળુ મેદાન મળી ગયુ હોય તેમ લાગી રહ્યું છે.



**ચિલોડામાં જનસુવિધા કેન્દ્રનો પ્રારંભ**

તાલુકાના ચિલોડા સ્થિત અક્ષર કોમ્પલેક્ષ ખાતે આસપાસના ગામોના નાગરિકોને સરળ અને ઝડપી જન સુવિધા મળી રહે તેવા હેતુસર જન સુવિધા કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ જન સુવિધા કેન્દ્રમાં પાસપોર્ટ, પાનકાર્ડ, આધારકાર્ડ, ઈલેક્શન કાર્ડ, મા કાર્ડ, રેશનીંગ કાર્ડ, યુવિનકાર્ડ, વિધવા કાર્ડ, લાઈટબીલ, ગેસબીલ, ટેલીફોન બીલ, તમામ પ્રકારના ડીશ ટીવી-મોબાઈલ રીચાર્જ, રેલવે, બસ, એર ટિકીટ બુકિંગ, મની ટ્રાન્સફર, અટલ પેન્શન યોજના, જનધન યોજના, ઈન્સ્યોરન્સ પ્રીમીયમ, તમામ પ્રકારની સરકારી ભરતીના ફોર્મ વગેરે ઓનલાઈન જનસેવા સુવિધા કેન્દ્રથી અનેક પ્રકારની નાગરિકોને રાહત મળશે.





વર્ષ-૧૯૭૫માં કટોકટીકાળ દરમિયાન લોકશાહીને બચાવવા જેલવાસ ભોગવનારા મીસાવાસીઓનું આજે રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ સન્માન કર્યું હતું. ગાંધીનગર સ્થિત સરકીટહાઉસ ખાતે આયોજિત સમારોહમાં રાજયપાલ શ્રી કોહલીએ ધારાસભ્ય નારાયણભાઈ પટેલ, પૂર્વ સાંસદ જયંતિભાઈ બારોટ અને હરિન પાઠક તેમજ જાણીતા લેખક વિષ્ણુ પંડ્યા સહિત ૪૦થી વધુ મીસાવાસીઓનું સન્માન કર્યું હતું તે વેળાની તસવીર.

## રાજ્યકક્ષાની કરાટે ટૂર્નામેન્ટમાં ૫૫૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો

**ગુજરાત કરાટે ડો ફેડરેશન આયોજિત ટૂર્નામેન્ટમાં ભારતના રાષ્ટ્રીય કરાટે એસોસિએશનના દિગ્ગજ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં**

ગાંધીનગર, તા. ૨૬

કરાટે એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા પ્રમાણિત કરાટે ડૉ ફેડરેશન દ્વારા કરાટે એસોસિએશન ઓફ અમદાવાદના યજમાનપદે રાજ્યકક્ષાની કરાટે ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા અમદાવાદના નવા વાડજ ખાતેના મ્યુનિસિપલ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે યોજાઈ હતી જેમાં ૫૫૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં વિજેતાઓને મેડલ્સથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

રાજ્યકક્ષાની આ ટૂર્નામેન્ટના પ્રારંભે કરાટે એસોસિએશન ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીય પ્રમુખ શિહાન આર. થિયાગરાજન ઉપસ્થિત રહ્યાં હતા. જેઓની આ ગુજરાત ખાતેની સૌપ્રથમવારની ઉપસ્થિતિ હતી. આ ઉપરાંત કરાટે એસોસિએશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરી ભરત શર્મા ટ્રેઝરર સેન્શેઈ વિરાફ વાદચા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ટૂર્નામેન્ટના સફળ આયોજન માટે કરાટે ડૉ ફેડરેશન ઓફ ગુજરાતના પ્રમુખ શિહાન વિજય ભટ્ટ, સેક્રેટરી શિહાન કલ્પેશ મકવાણા અને ખજાનચી શિહાન મહેશ રાવલ સહિત ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ પ્રસંગે અમદાવાદ કરાટે એસોસિએશનના સેક્રેટરી હરેન્દ્રસિંઘ ગીલ દ્વારા સમગ્ર ટૂર્નામેન્ટનું સંચાલન તથા મહત્વની કામગીરી સંભાળવામાં આવી હતી. ટૂર્નામેન્ટમાં જુનિયર, સબ જુનિયરથી માંડીને સિનિયર તથા ઓપન સહિતની તમામ કેટેગરીના ખેલાડીઓ માટે સ્પર્ધાઓ યોજાઈ હતી.



## મહાત્મા મંદિર ખાતે ટેક્ષટાઈલ કોન્ફરન્સ અંગે ગૃહ રાજય મંત્રીની સમીક્ષા

**વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના હસ્તે ૩૦મી જૂને બપોરે ૨.૦૦ કલાકે ઉદ્‌ઘાટન : ૧૩૦ દેશોમાંથી બે હજારથી વધુ પ્રતિનિધિઓ અને દેશના મળીને કુલ- ૫૦૦૦ પ્રતિનિધિઓ ગ્લોબલ કોન્ફરન્સમાં ભાગ લેશે**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે તા.૩૦મી જૂનના રોજ કાપડ ઉધોગની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ટેક્ષટાઈલ ઈન્ડિયા- ૨૦૧૭ યોજાઇ રહી છે, જેનું બપોરે – ૨.૦૦ કલાકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદ્‌ઘાટન થશે.

ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ વડાપ્રધાનશ્રીના ગુજરાતના આ કાર્યક્રમોમાં આજરોજ મહાત્મા મંદિરની મુલાકાત લઈ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે કાયદો અને વ્યવસ્થા અંગે વિસ્તૃત સમીક્ષા કરી હતી. મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ પત્રકાર પરિષદમાં પત્રકારોને માહિતી આપતાં જણાવ્યું હતું કે, ટેક્ષટાઈલ જગતનું સૌથી મોટું પ્રદર્શન ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યું છે. જેમાં ૧૩૦ દેશોના ૨ હજારથી વધુ પ્રતિનિધિઓ અને દેશના વિવિધ રાજયોના મળીને કુલ ૫ હજાર જેટલા ટેક્ષટાઈલ ઉધોગ સાથે



સંકાળાયેલા પ્રતિનિધિઓ ભાગ લેશે. કાલ, આજ અને આવતીકાલની થીમ પર યોજાનાર વિશ્વનું ટેક્ષટાઈલ ક્ષેત્રેનું ઐતિહાસિક પ્રદર્શન સેકટર-૧૭ના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર છે. આ પ્રદર્શન ગ્લોબલ માર્કેટમાં દેશની ઈકોનોમી વધુ મજબૂત બનશે. આ પ્રસંગે ફેશન શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતની બે દિવસની મુલાકાત દરમ્યાન અરવલ્લી જિલ્લાના મોડાસા, અમદાવાદ અને રાજકોટના કાર્યક્રમોની સુરક્ષા, વ્યવસ્થા અંગે રાજયના પોલીસ વિભાગના વિરિષ્ઠ અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી આયોજન અંગે સમીક્ષા બેઠક કરી હતી.

ગાંધીનગર ખાતેના વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ સંદર્ભે કાયદો અને વ્યવસ્થામાં ૧ –આઈ.જી.પી, ૮-એસ.પી., ૩-એ.એસ.પી., ૩૫ –ડી.વાય.એસ.પી., ૭૫ પી.આઈ. ૧૭૫–પી.એસ.આઈ, ૨૫૦૦– પોલીસકર્મી, ૧૫૦–ટ્રાફિક પોલીસ, એસ.આર.પી.ની ૭ કંપની અને સી.આર.પી.ની એક કંપની સહિત ૩ એન.એસ.જી ટીમ તથા ૨ ટીમ ચેતક કમાન્ડો તથા ૩ બી.ડી.ડી.એસ ટીમ ફરજ બજાવશે.

મહાત્મા મંદિર ખાતે યોજાયેલ સમીક્ષા બેઠકમાં રાજયના પોલીસ વડા શ્રીમતી ગીતા જોહરી, આઇ.બી.ના ડી.જી.પી. શ્રી શિવાનંદ ઝા, ગાંધીનગર રેન્જના આઇ.જી. શ્રી આર.બી.બ્રહ્મભટ્ટ, ગાંધીનગરના પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવ, ઈન્ડેક્ષ બી ના વરિષ્ઠ અધિકારી શ્રી રાજકુમાર બેનીવાલ અને ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.



**નારદીપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા પ્રવાસ યોજાયો**

ધી નારદીપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સહયોગથી મંડળીના ચેરમેન નરેન્દ્રસિંહ વાઘેલા તથા વા. ચેરમેન બાબુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ નારદીપુરથી ઉજ્જૈન, ઈન્દોર, ઓમકારેશ્વર, પાવાગઢ, સરદાર સરોવર, કુબેર ભંડારી અને પોયચા (સ્વામિનારાયણ ધામ) વગેરે સ્થળે પ્રવાસ કરી પર્યાવરણ અને પાણી બચાવોના કાર્યક્રમ દ્વારા જનજાગૃતિ શિબિરનું આયોજન કર્યુ હતુ. આ શિબિરમાં મંડળીના ચેરમેન તથા પેરાલીગલ વૉલન્ટીયર નરેન્દ્રસિંહ વાઘેલાએ દેવદર્શન જળ એજ જીવન, પર્યાવરણની જાળવણી, વૃક્ષમાં વાસુદેવ, છોડમાં રણછોડ વિષય ઉપર વકતવ્યો રજૂ કરી માહિતી પુરી પાડી હતી. અંતમાં પાવાગઢ ખાતે રાસ-ગરબાનો મનોરંજન કાર્યક્રમ દ્વારા સર્વે સભાસદો આનંદવિભોર બન્યા હતા.

## દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદ : વાપીમાં હાલત કફોડી

દક્ષિણ પશ્ચિમ મોનસુન ગુજરાતના વધુ ભાગમાં પહોંચી ગયું છે અને ભારે વરસાદનો દોર જારી રહ્યો છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં આજે પણ ભારે વરસાદ જારી રહ્યો હતો. આજે અંકલેશ્વર, તાપી, ધરમપુર, નેત્રંગ, જુનાગઢ, પોરબંદર, દ્વારકા સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. બીજી બાજુ હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. જેથી તંત્ર સાબદુ થઈ ગયું છે. દક્ષિણ ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર, દીવ, દમણ, દાદરાનગર હવેલીમાં ભારેથી અતિ ભારે વરસાદ વરસાદ પડવાની ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે. બીજી બાજુ અમદાવાદમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર અને આસપાસના વિસ્તારો ઉપર મોર્નિંગ અપર એર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાઈ ગઈ છે. જેના લીધે વધુ વરસાદની શક્યતા દેખાઈ રહી છે. સૌરાષ્ટ્રના જે ભાગોમાં વરસાદ થયો છે તેમાં પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, મહુવાનો સમાવેશ થાય છે. બીજી બાજુ ગુજરાત પ્રદેશમાં પણ વરસાદ નોંધાયો હોવાના અહેવાલ મળ્યા છે. વાપી તથા આસપાસના વિસ્તારોમાં ૨૪ કલાકમાં ૧૭ ઈંચથી વધુ વરસાદ ખાબકી જતાં ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ચાલુ વરસાદ વચ્ચે અધિકારીઓ બચાવ અને રાહત કામગીરીમાં લાગેલા છે. વાપી તથા આસપાસના વિસ્તારોમાં લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા છે. લોકોની સ્થિતિ દયનીય બની ગઈ છે. વાપી રેલવે અન્ડરબ્રિજ, ચળા કેવડી, દમણ રોડ, ડુંગરાડુંગરી, ઈમરાનનગર જેવા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. નિચાણવાળા વિસ્તારમાં રહેતા લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. વરસાદી પાણીના નિકાલ માટે ઘણી જગ્યાઓએ દિવાલો તોડવાની પણ ફરજ પડી છે. સ્થિતિમાં સુધારો થતાં હજુ સમય લાગી શકે છે. નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાના કારણે રોગચાળાનો ખતરો તોળાઈ રહ્યો છે. વાપીમાં હાલ આફ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. અહીં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ ઈંચથી પણ વધુ વરસાદ નોંધાઈ ગયો છે. વલસાડમાં આઠથી ૧૦ ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ગયો છે. અનેક જગ્યાઓએ પાણી ભરાયેલા છે. વલસાડના જુદા જુદા વિસ્તારમાં ભારે વરસાદ થયો છે જેમાં પારડીમાં સાડા પાંચ ઈંચ, ધરમપુરમાં ત્રણ ઈંચ, કપરાડામાં છ ઈંચ વરસાદ નોંધાઈ ચુક્યો છે.